# પરસ્પરના વેપારમાં ભારતે ચીનનું આધિપત્ય સ્વીકારવું પડે છે, શા માટે ?



નેવુંના દશકમાં ચીન અને ભારત વચ્ચે વેપારનું પ્રમાણ લગભગ શૂન્ય હતું અને આજે વાર્ષિક ૧૨૫ અબજ ડોલર પર પહોંચ્યું છે. ૨૦૨૫ ના વરસમાં ભારતનો સૌથી મોટો વેપાર ભાગીદાર ચીન હતો. ૨૦૨૪ માં પ્રથમ ક્રમે અમેરિકા હતું ને હવે બીજા ક્રમે છે. ત્રીજા ક્રમે યુએઈ, ચોથા ક્રમે રશિયા અને પાંચમા ક્રમે સાઉદી અરેબિયા રહ્યાં હતાં. ચીન સાથે સૌથી વધુ વેપાર કર્યો પરંતુ તે એકપક્ષી અથવા એકવાયો હતો. ભારતે ચીન પાસેથી ૧૨૫ અબજ ડોલર કિંમતનો સામાન ખરીદ્યો હતો અને ચીનને માત્ર અઢાર અબજ ડોલરનો વેચ્યો હતો. આ શું બતાવે છે ?

એ જ જૂની વાતનું પ્રદર્શન કરે છે કે ભારત પાસે લોકો, કારીગરો, મજૂરોની સંખ્યા ચીન કરતાં સહેજ વધુ છે પણ વિશ્વગુરુ બનવાના શેખચલ્લી સમાન સપનામાં રાચતાં દેશમાં ચીજવસ્તુઓનું યોગ્ય માત્રામાં, કમસે કમ ઘરઆંગણાની જરૂરત પૂરી કરી શકે એટલી માત્રામાં ઉત્પાદન કરવાનું ગજું, કે કુશળતા અને ક્ષમતા નથી.

આજે પણ ભારતમાં નિર્માણ પામતા એસેમ્બલ્ડ આઈફોનની બેટરી, ચીપ જેવાં મહત્વના ભાગો ચીનમાં બનેલા હોય છે. લેપટોપ કે આપણી દવાઓના નિર્માણનો કોઈક મહત્વના કિસ્સાઓ ચીનમાં બનેલા હોય છે. વેપારમાં કોઈ બે દેશો વચ્ચે થોડી ઘણી અસંતુલન હોઈ શકે છે, પરંતુ ૧૨૫ અબજ ડોલરની આયાત સામે ૧૮ અબજની નિકાસ એ દર્શાવે છે કે વેપાર ક્ષેત્રમાં આજે પણ ભારત પર ચીનનું આધિપત્ય છે.

ભારત ચીનમાંથી ઘણો કાચો ‘માલ’ કે પૂરક માલ મગાવી, તેમાં મજૂરીનું વેલ્યુ એડિશન કરી વિદેશોમાં મોકલે છે. સરળ અર્થ એ કે ચીનના સહારા વગર,



**જો આઈફોનનાં મહત્વનાં અંગો ચીન કે વિદેશોમાંથી આયાત થતાં હોય તો આપણું યોગદાન માત્ર સ્ક્રુડ્રાઈવર ચલાવવા પૂરતું અને સસ્તા પાર્ટ્સ ઘરઆંગણે બનાવવા પૂરતું રહી જાય છે**

સાથ વગર ભારત કમ સે કમ ઉત્પાદન ક્ષેત્રમાં કશું જ નથી. એ અર્થમાં ભારતે ચીનનું આધિપત્ય સ્વીકારવું પડે છે. તેનો ફાયદો પણ થયો છે. ગયા ચૌદ મહિના દરમિયાન અમેરિકાએ ભારતને ટેરીફના મુદ્દે રંઝાડ્યું તેમાં ચીનના સામાને, ચીન સાથેના વેપારે ભારતને રાહત આપી છે. આમ, સાવ નિરાશ થવા જેવું નથી. બધી જ આયાતો ખરાબ હોતી નથી. પરંતુ આટલી બધી પરતંત્રતા પણ સારી નથી. અને મહત્વની વાત એ કે વિદેશો પરનો આટલો મદાર અથવા આધાર ભારતને પરવડે ખરો? અને ત્યારે કે જ્યારે કરોડો હાથ બેકાર છે, બેરોજગાર છે.

ભારતનો આર્થિક વિકાસ દર વરસ ૨૦૨૬ માટે ૭.૭ (સાત પોઈન્ટ સાત) ટકા રહેશે તેવો ગણિતિક અંદાજ છે. જગત આખું વેપારની અનિશ્ચિતતાઓ પર ફસાયેલું છે ત્યારે આ સમાચાર આવકાર દાયક છે. ઘર આંગણાની માલસામાનની ડિમાન્ડ અથવા ખપત મજબૂત છે. માલસામાન નિર્માણ ક્ષેત્રનો વિકાસ પણ ૧૦.૭ ટકાના દરે થઈ રહ્યો છે તે ભારતના અર્થતંત્રની વધી રહેલી સંઘર્ષ ક્ષમતા અર્થાત લચીલાપનના દર્શન કરાવે છે. ૨૦૨૫- ૨૦૨૬ના નાણાકીય વરસમાં ભારતનો વિદેશ વેપારનું કુલ કદ ૧૮૪૦ અબજ ડોલરની આસપાસ રહ્યું હતું. ૮૬૦ અબજ ડોલરની નિકાસ સામે ભારતે ૯૭૯ અબજ ડોલરની કિંમતની આયાત કરી હતી. ૧૧૯ અબજ ડોલરની વેપાર ખાધ ભોગવી હતી. કુલ ખાધનો આંકડો નિરુત્સાહ કરે છે

**કબીરા ખડા બજાર મેં**
**વિન્સી મરચન્ટ**

પરંતુ નિષ્ણાતો કહે છે કે વિકસતા ભારત માટે વેપારની આ પેટર્ન ઉત્સાહજનક છે. ભારતે જે સામાનની આયાત કરી છે તેમાં મુખ્યત્વે ઈલેક્ટ્રોનિક્સ પાર્ટ્સ જેવા કે ઈન્ટીગ્રેટેડ સર્કિટ્સ, માઈક્રોપ્રોસેસર્સ, સેમિકન્ડક્ટર ચીપ્સ, લેપટોપ્સ, કોમ્પ્યુટરો, વિમાનો, ક્રૂડ, પામ અને સોયાબીન તેલ, લિથિયમ આયન અને ફોટોવોલ્ટાઈક બેટરીઓનો સમાવેશ થાય છે. આ બધા એવા ઉત્પાદનો છે જે પ્રગતિ કરી રહેલા રાષ્ટ્રની પ્રગતિને ઝડપી બનાવે છે, સિવાય કે ખાદ્ય તેલો. આ આયાત પ્રગતિનું પ્રમાણ આપે છે, પરંતુ હંમેશા માટે નહીં. મજબૂત વિકાસ તેને કહેવાય જે અમુક સમય બાદ દેશ પોતાની મેળે આ ચીજોનું નિર્માણ કરતો થાય. જો કે ૨૮ ફેબ્રુઆરી બાદ પશ્ચિમ એશિયામાં વિખવાદો અને યુદ્ધો ખેલાયા તેના કારણે લગભગ તમામ ચીજવસ્તુઓની કિંમતો ઊંચે ગઈ તેથી પણ ભારતની આયાતોનું બિલ ઊંચે ગયું છે. જેમ કે ક્રુડ તેલની કિંમતો ઊંચે ગઈ તેનો ઘણો અણધાર્યો માર ભારતીય અર્થતંત્રે ભોગવવો પડ્યો છે. ભારતના વિદેશી હૂંડિયામણ ભંડોળ પર ખરાબ અસર પડી. તે બચાવવા માટે સોના જેવી કિંમતી ધાતુઓ- ની ખરીદી ઓછી કરવાની, વિદેશોમાં જઈને લગ્ન સમારંભો નહીં યોજવાની, વાહનોમાં બેસી ખોટી હડિયાપટ્ટી નહીં કાઢવાની વડા પ્રધાને દેશની જનતાને અપીલ કરવી પડી. કારણ કે આ પ્રવૃત્તિઓ પાછળ ડોલર ધન ખોટી રીતે ખર્ચાઈ જતું હતું અને રૂપિયાને વધુ નબળો પડતો હતો જે હમણા સુધી ચાલુ જ છે. જો કે ભારત આ પ્રકારની નબળાઈ અને પરતંત્રતા લગભગ તમામ ક્ષેત્રોમાં ભોગવી રહ્યો છે. અમુક પરતંત્રતા અનિવાર્ય છે, જેમ કે ક્રુડ તેલની આયાત.

...અનુસંધાન પાના નં. 7 પર

## આપણા રાજકારણીઓ પોતાના પર પણ હસી શકે છે ખરા !

તમિલનાડુ વિધાનસભામાં તાજેતરમાં થયેલા એક રમૂજભર્યા સંવાદે સાબિત કર્યું કે આપણા રાજકારણીઓ પણ પોતાના પર હસી શકે છે, પરંતુ ક્યારેક ક્યારેક! આ ઘટના ત્યારે બની જ્યારે ડીએમડીકેના ધારાસભ્ય પ્રેમલતા વિજયકાંતે સૂચન કર્યું કે, ધારાસભ્યોને સ્ટીલના ગ્લાસમાં વ્યક્તિગત રીતે પાણી આપવાને બદલે, જો ગૃહની કાર્યવાહી શરૂ થાય તે પહેલાં જ સ્ટાફ દરેક



ધારાસભ્યની બેઠક સામે ટેબલ પર પાણીની એક-એક બોટલ મૂકી દે તો વધુ સારું રહેશે. તેમણે કહ્યું કે આનાથી સમય બચશે અને તમામ ધારાસભ્યો માટે પણ સરળતા રહેશે, કારણ કે જ્યારે પણ તેમને પાણી જોઈતું હોય ત્યારે તેમણે સેવકને બોલાવવો નહીં પડે. આની સામે ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઓ. પન્નીરસેલ્વમે મજાક કરતા કહ્યું કે આ સારો વિચાર નથી, કારણ કે આનાથી ધારાસભ્યોને ઉગ્ર ચર્ચા દરમિયાન એકબીજા પર ફેંકવા માટે તૈયાર મિસાઈલ મળી જશે! આ સાંભળીને આખું ગૃહ હસી પડ્યું. આ આનંદની પળો આગળ પણ ચાલુ રહી, કારણ કે ભૂતપૂર્વ નાણામંત્રી થંગમ થેન્નારાસુએ પન્નીરસેલ્વમને ચીડવતા કહ્યું કે, તેઓ કદાચ પોતાના ભૂતકાળના અનુભવ પરથી ચેતવણી આપી રહ્યા છે કે ગૃહની અંદર પાણીની બોટલોનો ઉપયોગ હથિયાર તરીકે થઈ શકે છે. આવી મિત્રતા અને પરસ્પર સૌહાર્દ આજકાલ ભાગ્યે જ જોવા મળે છે. રાજકારણ એટલું ધ્રુવીકૃત થઈ ગયું છે કે સંસદ અને વિધાનસભાઓમાં સામાન્ય રીતે ગંભીર ચર્ચામાં ભાગ લેવાને બદલે પ્રતિસ્પર્ધી પક્ષો એકબીજા પર પ્રહારો કરતા હોય છે, જેના કારણે રોજબરોજ ગૃહમાં હોબાળો મચી જતો હોય છે.

**ઈધર-ઉધરકી**
**આરતી જેરથ**

## રામ મંદિર કેસમાં એફઆઇઆર નોંધાવા પહેલા જ સીટની તપાસ શરૂ થઇ ગઇ

કોઈપણ FIR નોંધાયા વિના જ ખાસ તપાસ ટુકડી(SIT) તપાસ શરૂ કરે તે અત્યંત અસામાન્ય બાબત છે. પરંતુ મંદિરના દાનમાં ગેરરીતિ થઈ હોવાના આક્ષેપો બાદ રામ મંદિર કેસમાં આવું જ બન્યું છે. મંદિરમાં દાનમાં આપવામાં આવેલી મોટી માત્રામાં રોકડ અને ચાંદી કથિત રીતે ગાયબ થઈ ગઈ હોવાના સમાચાર જેવા લીક થયા, કે તરત જ યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એસઆઈટી(સીટ) ની રચના કરવા દોડધામ કરી મકી. જો કે ઉત્તર પ્રદેશ પોલીસ દ્વારા કોઈ એફઆઈઆર નોંધવામાં




આવી ન હતી. વાસ્તવમાં, એ આશ્ચર્યજનક છે કે પોલીસે એફઆઈઆર નોંધવામાં આનાકાની કરી, કારણ કે એવું માનવામાં આવે છે કે ત્રણ અલગ-અલગ વ્યક્તિઓએ અયોધ્યા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદો નોંધાવી હતી. એફઆઈઆર વિના એસઆઈટી તપાસની મંજૂરી માત્ર અસાધારણ સંજોગોમાં જ આપવામાં આવે છે, ઉદાહરણ તરીકે, જો કોઈ પોલીસ અધિકારી ગુનાનો પ્રત્યક્ષદર્શી હોય. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે નિયમિત પોલીસ તપાસના બદલે એસઆઈટી તપાસનો નિર્ણય એ રામ મંદિરમાં બનેલી ઘટનાઓ ચર્ચિત કૌભાંડ બને તે પહેલાં આખી વાત દબાવી દેવાનો એક પ્રયાસ છે. ભાજપના વર્તુળોનું કહેવું છે કે રામ મંદિરનું સંચાલન કરતા ટ્રસ્ટના કેટલાક મોટા માથાઓ પણ આમાં સામેલ હોઈ શકે છે, જેના કારણે યુપી સરકાર આ તપાસને ગુપ્ત રાખવા આતુર છે. જો તપાસ પોલીસ પર છોડી દેવામાં આવી હોત, તો શરમજનક સમાચાર લીક થઈ શક્યા હોત. એવું માનવામાં આવે છે કે અયોધ્યાની સ્થાનિક પોલીસમાંથી જ કોઈએ આ સમાચાર લીક કર્યા હતા કે તેમને મંદિરના દાનની ગેરરીતિ અંગે ત્રણ ફરિયાદો મળી છે.

## નવીન પટનાયક પોતાના ઉત્તરાધિકારી નિમવાની તૈયારી કરી રહ્યા છે?

ઓડિશામાં એવી અટકળો તેજ થઈ છે કે ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને બિજુ જનતા દળ(BJD)ના વડા નવીન પટનાયક તેમના ઉત્તરાધિકારીની નિમણૂક કરવા તૈયારી કરી રહ્યા છે. તેમણે તાજેતરમાં જ તેમના નજીકના સહયોગી વી. કે. પાંડિયનના પત્ની સુજાતા રાઉત કાર્તિકેયનને BJDમાં સામેલ કર્યા છે. સુજાતા રાઉત ઓડિશા કેડરના ભૂતપૂર્વ IAS અધિકારી છે. તેઓ ઓડિશાના વતની



છે અને એવી અટકળો વ્યાપક છે કે તેમને પક્ષની કમાન સંભાળવા માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે. પટનાયક કદાચ પાંડિયનને વધુ પસંદ કરતા હોત, જેઓ મુખ્યમંત્રી તરીકેના તેમના છેલ્લા વર્ષોમાં તેમના વિશ્વાસુ સહયોગી હતા. જો કે, પાંડિયન તમિલિયન છે. તેઓ એક IAS અધિકારી પણ હતા જેઓ તેમના પત્ની સુજાતાના કારણે ઓડિશા કેડરમાં જોડાયા હતા, પરંતુ BJDના વર્તુળો એવું માને છે કે ૨૦૨૪ની છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં પટનાયકના પતનનું કારણ પાંડિયન જ હતા, કારણ કે ઓડિશાના લોકો તેમને એક ‘બહારના વ્યક્તિ’ તરીકે જોતા હતા. સુજાતાને BJDમાં લાવવા એ કદાચ પટનાયકે જેમના પર સૌથી વધુ વિશ્વાસ મૂક્યો હતો તે પતિ-પત્નીની જોડીને, સમય આવે ત્યારે પક્ષની બાગડોર સંભાળવા માટે તૈયાર કરવાનો એક માર્ગ હોઈ શકે છે.

# મારી વાઈફ રાતથી લાપતા છે ને પોલીસ વીડિયો ગેમ રમે છે

કાયમ આરામથી અને આસપાસ જોઈને ચાલનારો સાડા પાંચ ફૂટનો, ન પાતળો- ન જાડો એવો સેબાસ્ટીયન ગોન્સાલવિસ ઉર્ફે સબા ઉતાવળે પગલે આગળ વધતો હતો. આદત મુજબ દાઢી પર જમણો હાથ ફેરવવાનું અને મૂછને વળ આપવાનું ભુલાઈ ગયું હતું. હાથમાં બ્રેસલેટ પરના સાપ અને વીંટી પર એમ્બોસ કરાવેલો વીંછી ય કળી નહોતા શકતા કે સબા ઘાંઘો થઈને દોડે છે કેમ? જો કે એને ઓળખનારા સબાને સડસડાટ આગળ દોડી જતો જોઈને સમજી ગયા કે જરૂર કંઈક ગરબડ થઈ લાગે છે. સબાને કોઈની



સામે જોવામાં જરાય દિલચસ્પી નહોતી. આજે એને ચિંચલી પોલીસ સ્ટેશન ખૂબ દૂર લાગ્યું. એ ઈન્સ્પેક્ટર અને સ્ટેશન ઈન્ચાર્જ નીરવ ત્રિવેદીને મળવા માંગતો હતો, શક્ય એટલી ઝડપથી.

***

રાજેશ પંચમિયા અને કૃતિ બચીબેન બરાબરના મુંઝાયાં હતાં કે પોતે શૂટિંગ કરવાને બદલે આહવાના પોલીસ હેડક્વાર્ટરમાં કેમ બેઠાં છે? બન્નેએ એકમેક સામે જોયું અને કોઈ કઈ બોલે એ અગાઉ એક પોલીસ ઓફિસરે આવીને રાજેશ પંચમિયાને સાથે લઈ ગયા. એક મોટા રૂમમાં રાજેશ પર સવાલોની તોફાની વરસાદ ત્રાટક્યો: તમારું નામ શું છે? ક્યા રહો છો? આહવા ક્યારે આવ્યા? શા માટે? કેટલા જણા છો? અન્ય એક કેબિનમાં કૃતિને પણ આ જ સવાલો કરાયા હતા.

**ક્રાઈમ કોડ**
**પ્રફુલ શાહ**

બન્નેની પૂછપરછનું વીડિયો રેકોર્ડિંગ થતું હતું જે સુરેન્દ્ર પુષ્કર્ણા રસપૂર્વક જોઈ રહ્યા હતા. હજી સુધી બન્ને પાસેથી મળેલી માહિતીમાં નહોતી કોઈ વિસંગતિ કે નહોતું કંઈ વાંધાજનક. સાથોસાથ આહવાના ડાંગ દરબારની ઉજવણીમાં ક્યાંય ખલેલ પડ્યાના કોઈ વાવડ આવ્યા નહોતા. એટલું જ નહિ, નીરવ ત્રિવેદીની મારતી જીપની દોડતી સવાલબાજીમાં ય કોઈ સ્ફોટક જાણકારી બહાર આવી નહોતી. આ જ સમયે પુષ્કર્ણાને ફોન આવ્યો કે રાજેશ અને કૃતિની હોટલની રૂમો ફેંદી વળ્યાં પણ કામનું કંઈ મળ્યું નથી. પોલીસ ઓફિસર કંટાળીને બોલ્યો, ‘‘સર, આપણે શૈતાન શોધીએ છીએ પણ આ બેય તો જાણે સંત લાગે છે.’’ તેને પુષ્કર્ણાએ સમજાવ્યો,’’ દરેક સંતનો એક અતીત હોય છે, દરેક દુર્જનનું એક ભવિષ્ય હોય છે.’’

***

**અંતે સેબાસ્ટીયન ગોન્સાલવિસ ઉર્ફે સબા પહોંચ્યો ચિંચલી પોલીસ સ્ટેશન. અહીં કોઈ ચહલપહલ નહોતી, રોજેરોજની દોડધામ કે વાતચીતનો અવાજ નહોતો. આ સન્નાટો એને જરાય ન ગમ્યો**

આહવામાં સવારે ૮થી ૧૦ વાગ્યા વચ્ચે સમારંભના મેદાનમાં સમૂહો એકઠા થવા માંડ્યા હતા. ઢોલ, પાવરીના અવાજ સાથે નાના નૃત્ય શરૂ થવા લાગ્યા હતા. બહારગામના પર્યટકોને ગાઈડ પાવરી વિશે સમજાવતો હતોઃ’’‘આ ડાંગ અને દક્ષિણ ગુજરાતના આદિવાસીઓનું એક પરંપરાગત અને પ્રાચીન સુષિર એટલે કે ફૂંક મારીને વગાડવાનું વાદ્ય છે. અમારે

**(અતા-પતા-લાપતા -8)**

ત્યાં મુખ્યત્વે પ્રકૃતિના દેવી-દેવતાઓ, ખાસ કરીને ‘ડુંગરદેવ’ને રીઝવવા માટેના ધાર્મિક ઉત્સવો અને લગ્ન પ્રસંગે પાવરી વગાડવામાં આવે છે. પાવરી વાદ્ય જંગલમાં ઊગતી મોટી, સૂકવેલી અને પોલી દૂધી તેમજ વાંસની બે પોલી સળીઓ અને ગાય કે બળદના શિંગડા અથવા તાડપત્રમાંથી બને છે. આ વાદ્ય સામાન્ય રીતે ૩ થી ૪ ફૂટ લાંબું હોય છે. તેને મોરપીંછ અને વિવિધ આકર્ષક રંગોથી શણગારવામાં આવે છે. પાવરી વગાડનાર કલાકારને ‘પાવરકર’ કહેવામાં આવે છે. તેને વગાડવા માટે સતત હોઠથી ફૂંક મારવી પડે છે, જેનાથી ખૂબ જ મધુર અને કર્ણપ્રિય સૂર ઉત્પન્ન થાય છે.’’

વધતી મેદની સાથે સ્થાનિક બજાર, હાટ અને સ્ટોલ ખૂલવા લાગ્યા હતા. આ બધામાં ભીડમાં ભળી ગયેલા મુફતીવાળા પોલીસ જવાનોની નજર સતત બધે ફરી રહી હતી. હજી સુધી કંઈ જ અછાજતું ન થયાનો સંતોષ હતો. એના કરતાં વધુ કાતિલ લાગણી આગામી પળે શું થઈ શકે એની હતી.

***

અંતે સેબાસ્ટીયન ગોન્સાલવિસ ઉર્ફે સબા પહોંચ્યો ચિંચલી પોલીસ સ્ટેશન. અહીં કોઈ ચહલપહલ નહોતી, રોજેરોજની દોડધામ કે વાતચીતનો અવાજ નહોતો. આ સન્નાટો એને જરાય ન ગમ્યો.

દૂરના ટેબલ પર મોબાઈલ ફોનમાં ગળાડૂબ હવાલદાર પાસે જઈને એ બોલ્યો,’’ઈન્સ્પેક્ટર નીરવ ત્રિવેદી સરને મળવું છે...’’

હવાલદારે ફોનમાં જ ડાચું રાખીને જવાબ આપ્યો, ‘‘ઓફિસમાં નથી સર.’’

સબાએ આકરા અવાજમાં પૂછ્યું, ‘‘ક્યારે આવશે?’’

હવાલદારે ફોનમાંથી નજર ઊંચી કરી,’’એ તો સાહેબ જાણે ભગવાન હોં.’’

‘‘અરે પણ અર્જન્ટ કામ છે...’’

‘‘ફરિયાદ હોય તો લખાવો ને અંગત કામ હોય તો રાહ જુઓ. બોલો શું કરવું છે?’’

‘‘હું રાહ જેઈશ’’ કહીને સબા દૂર પડેલા બાંકડા ભણી ચાલવા માંડ્યો.

***

સવારના ૧૦થી ૧૨ વાગ્યા વચ્ચે આહવામાં પરેડનો માહોલ જામવા માંડ્યો હતો. ડાંગ જિલ્લાના અલગ-અલગ ગામનાં જૂથો નાચતાં-ગાતાં પ્રવેશ કરતાં હતાં. રંગબેરંગી પરંપરાગત વસ્ત્રો અને આભૂષણોમાં થનગનતી અને ગુગ પહેરેલા પુરુષોનું ઝગમગતું દશ્ય કંડારવા ફોટોગ્રાફરોની ભીડ એટલી વ્યસ્ત હતી કે

...અનુસંધાન પાના નં. 7 પર

**સટ્ટાક** — કમલ

